પૂર્વછાયો- અનેક લીળા અનેક ચરિત્ર, કરી કર્યો જનનો ઉધ્ધાર ।
સુંદર નિર્ગુણ મૂરતિ, તેને વંદુ હું વારમવાર ॥૧॥
અનેક નામના નામી સ્વામી, સર્વના સુખધામ ।
અનેક એકની મૂરતિ, અનેક એકનાં નામ ॥૨॥
તે પ્રભુ પ્રકટપણે ફરે, કરે જીવનાં કલ્યાણ ।
મનોહર મૂર્તિ મહારાજની, તેને પ્રણમું જોડી હું પાણ ॥૩॥
પુરુષોત્તમ પૂરણ પોતે, અઢળક ઢળ્યા આવાર ।
તેનાં ચરિત્ર પવિત્ર અતિ, વળી કહું કરી વિસ્તાર ॥૪॥
એક સમે મુનિ સહુ મળી, આવિયા પ્રભુજી પાસ ।
અતિ હેતે સ્તુતિ કરવા, હઈયે થયા છે હુલાસ ॥૫॥

ચોપાઇ- નમો કૃષ્ણ નમો નારાયણ, નમો જીવશ્રેય પરાયણ ।
નમો બળવંત બહુનામી, નમો અકળ અંતરજામી ॥૬॥
નમો સહુ જીવના સુખકારી, નમો દીનબંધુ દુઃખહારી ।
નમો દાસના ત્રાસ વિનાશ, નમો સહુના આદિ અવિનાશ ॥૭॥
નમો પુરુષોત્તમ સહુ પર, નમો અક્ષરધામ આધાર ।
નમો નિર્ગુણ સગુણ સ્વામી, સર્વે ધામતણા તમે ધામી ॥૮॥
નમો અપરમપાર અકળ, નમો સર્વના શ્યામ સબળ ।

નમો ક્ષર અક્ષર નિયંતા, નમો ગુણપાર ગુણવંતા ॥૯॥
નમો અવતારના અવતારી, નમો સંતતણા સુખકારી ।
નમો દીનના બંધુ દયાળ, નમો ભક્તવત્સલ પ્રતિપાળ ॥૧૦॥
નમો કૃપાના સિંધુ કૃપાળુ, નમો દયાના નિધિ દયાળુ ।
નમો પ્રભુજી પૂરણકામ, નમો સંતતણા સુખધામ ॥૧૧॥
નમો ઈશતણા મહાઈશ, નમો ભક્તપતિ જગદીશ ।
નમો પરમેશ્વર પરબ્રહ્મ, નમો ભવતારણ ત્રિકમ ॥૧૨॥
નમો વાસુદેવ વરદેણ, નમો કેશવ કમળનેણ ।
નમો ગોપાળ ગોકુળચંદ, નમો ગોપીવલ્લભ ગોવિંદ ॥૧૩॥
નમો નાથ ગોવર્ધનધારી, નમો બાળમુકુન્દ મુરારી ।
નમો પદ્મનાભ પીતાંબર, નમો પુનિત પરમેશ્વર ॥૧૪॥
નમો પવિત્ર પરમાનંદ, નમો પદ્માક્ષ પૃથવિવંદ ।
નમો નારાયણ નિર્વિકાર, નમો નૃસિંહ નરકનિવાર ॥૧૫॥
નમો નરોત્તમ નરવીર, નમો નાગનાથણ સુધીર ।
નમો રઘુનાથ રામચંદ્ર, નમો રાઘવ સુખસમુદ્ર ॥૧૬॥
નમો રાજીવલોચન રામ, નમો રમાપતિ રાજનામ ।
નમો વામનજી વિશ્વેશ્વર, નમો વિશ્વરૂપ વિશ્વંભર ॥૧૭॥
નમો વિશ્વેશ વિષ્ણુ ને વ્યાસ, વેદવલ્લભ વાણીપ્રકાશ ।
નમો દામોદરજી દયાળ, નમો દેવ દેવકીજી બાળ ॥૧૮॥
નમો દીનનાથજી દૈત્યારી, નમો દેવેશ દેવ મુરારી ।
નમો માધવ મધુસૂદન, નમો મુકુન્દ મુષ્ટિકમર્દન ॥૧૯॥
નમો મહાબાહુ મંજુકેશ, નમો મહાધીર શ્રીદેવેશ ।
નમો કેશવ કરૂણાધામ, નમો કૌમોદકીધર નામ ॥૨૦॥
નમો કામેશ કૃષ્ણ દયાળ, નમો કૌસ્તુભપ્રિય કૃપાળ ।
નમો ભૂધર ભુવનાનંદ, નમો ભૂતનાથ ભવવંદ ॥૨૧॥
નમો ભુવનૈક ભુજગેશ, નમો ભવનસાવણ ઈશ ।
નમો જનાર્દન જદુરાય, નમો જગન્નાથ તવ પાય ॥૨૨॥

નમો જકત જાડયન વિનાશ, નમો જગદાધાર અવિનાશ ।
નમો સચ્ચિદાનંદ ચરાચર, નમો ચતુર્ભુજ ચક્રધર ॥૨૩॥
નમો શ્રિયનાથ શ્રિયપતિ, નમો શ્રીવરપ્રદ છો અતિ ।
નમો શ્રીધર શ્રીસુરેશ્વર, નમો સૌમ્ય શ્રીવત્સાંકધર ॥૨૪॥
નમો યોગેશ જીવનપ્રાણ, નમો યશોદાનંદ સુજાણ ।
નમો યમુનાજળ કિલોલ, નમો સંપૂરણ કળા સોળ ॥૨૫॥
નમો શ્રીહરિજી શાલગ્રામ, શુધ્ધ શંખચક્રધર નામ ।
નમો સુરાસુર સદા સેવ, નમો સાધુવલ્લભ અભેવ ॥૨૬॥
નમો ત્રિવિક્રમ તપોઈન્દ્ર, નમો ત્રિસ્થળ તીર્થ રાજેન્દ્ર ।
નમો લીળાધર લક્ષ્મીવર, નમો લોકવંદ લોકેશ્વર ॥૨૭॥
નમો અનંત અચ્યુત અનાદિ, અઘહર આનંદરૂપ આદિ ।
નમો હરિ હળધર ભ્રાત, નમો હિરણ્યાક્ષહનનનાથ ॥૨૮॥
નમો અક્ષરધામ આધાર, તમે સંતના સુખભંડાર ।
સંત હેતે ધરી અવતાર, કરો અનેક જીવ ઉધ્ધાર ॥૨૯॥
જ્યારે જ્યારે જેવું પડે કામ, ત્યારે તેવું તન ધરો શ્યામ ।
નમો મત્સ્ય તમને મુરારી, નમો કચ્છરૂપ સુખકારી ॥૩૦॥
નમો તમને વારાહરૂપ, નમો તમને નરહરિ ભૂપ ।
નમો તમને વામન નામ, નમો તમને પરશુરામ ॥૩૧॥
નમો તમને શ્રીરામચંદ્ર, નમો તમને રાજયરાજેન્દ્ર ।
નમો તમને કૃષ્ણ કૃપાળુ, નમો દેવકીનંદન દયાળુ ॥૩૨॥
નમો બુધ્ધ તમે બહુનામી, નમો અકળ અંતરજામી ।
નમો કલકિ કરુણાધામ, ધરો તન કરો જનકામ ॥૩૩॥
તમે ધરી પુરુષ અવતાર, બ્રહ્મા આદ્યે રચ્યો આ સંસાર ।
તમે સુયજ્ઞ શરીરધારી, હરિ ત્રિલોકપીડા નિવારી ॥૩૪॥
ધર્યું કપિલ તન માત કાજ, કહ્યું સાંખ્યતત્ત્વ મુનિરાજ ।
તમે થઈ દત્તાત્રેય નાથ, કર્યા યદુ હૈહય સનાથ ॥૩૫॥
તમે સનકાદિક તન ધારી, આત્મતત્ત્વની વાત વિસ્તારી ।

તમે નારાયણ તપ કરતા, કામ ક્રોધ લોભ મદ હરતા ॥૩૬॥
વળી ધરી તન ભગવાન, દિધું ધ્રુવને તમે વરદાન ।
તમે જ્યારે પૃથુતન ધર્યું, ત્યારે પૃથિવી દોહન કર્યું ॥૩૭॥
તમે ઋષભરૂપે હરિ થયા, પુત્ર બોધી પરમહંસ રહ્યા ।
તમે હયગ્રીવતનધારી, વેદમય વાણીયો ઉચ્ચારી ॥૩૮॥
જ્યારે હરિ અવતાર ધાર્યો, ત્યારે ગ્રાહથી ગજ ઉગાર્યો ।
થયા હરિ હંસ રૂપ જેવા, બ્રહ્મા નારદને જ્ઞાન દેવા ॥૩૯॥
તમે ધનવંતરી તન ધારી, ટાળ્યો રોગ આયુષ વધારી ।
તમે ધરી વ્યાસ અવતાર, કર્યો એક વેદ વદિ ચાર ॥૪૦॥
તમે નારદનું તન લીયું, નૈષ્કર્મ્ય સાત્વતતંત્ર કહ્યું ।
એવા બહુ ધરી અવતાર, કર્યા અનંત જીવ ઉધ્ધાર ॥૪૧॥
તમે મત્સ્ય થઈને મુરારી, લાવ્યા વેદ શંખાસુર મારી ।
થઈ કૂર્મરૂપે તે અકળ, ધર્યો પીઠપર મંદ્રાચળ ॥૪૨॥
ધરી વારાહરૂપ દયાળ, રાખી પૃથવી જાતિ પયાળ ।
તમે નૃસિંહતન ધરી નાથ, હણ્યો હિરણ્યકશિપુ હાથ ॥૪૩॥
કર્યું પ્રહ્લાદનું પ્રતિપાળ, દાસ ત્રાસ નિવાર્યો દયાળ ।
વામનરૂપ ધરીને મહારાજ, બળી છળ્યો ઈન્દ્રરાજ્ય કાજ ॥૪૪॥
ધરી પરશુરામ અવતાર, હણ્યા ક્ષત્રિ એકવિશ વાર ।
તમે રામરૂપે થઈ રાજ, માર્યો રાવણ બાંધી સિંધુપાજ ॥૪૫॥
તમે ધરી કૃષ્ણ અવતાર, કર્યા ચરિત્ર અપરમપાર ।
મારી પૂતના ભાંગ્યું શકટ, માર્યો તૃણાવંત તે વિકટ ॥૪૬॥
યમલાર્જુન મૂળ ઉખાડી, માર્યો વત્સ બક ચાંચ ફાડી ।
કાળી નાથી પીધો દાવાનળ, માર્યો ધેનુક તે મહા ખળ ॥૪૭॥
થયા બાળ વત્સ તમે વળી, ભૂલ્યો બ્રહ્મા શક્યો નહિ કળી ।
ધારી ગિરિ ઈન્દ્રદર્પ મોડ્યો, વ્યાળ વરુણથી નંદ છોડ્યો ॥૪૮॥
શંખચૂડ વૃષભ ને કેશી, તમે માર્યો વ્યોમાસુર દ્વેષી ।
હણ્યો કંસ તે અંશ અસુર, માર્યો અઘાસુર મહાભૂર ॥૪૯॥

માર્યો કાળજવન જરાસંધ, બાણ ભૌમ માર્યો મહાઅઘ ।
માર્યો શાલવ ને શિશુપાળ, હણ્યો દંતવક્રને દયાળ ॥૫૦॥
એવું કરી કૃષ્ણ અવતારે, માર્યા દુષ્ટ બહુ તેહ વારે ।
કરી ચરિત્ર ગોકુળચંદ, આપ્યાં નિજજનને આનંદ ॥૫૧॥
તમે ધરી બુધ્ધ અવતાર, દેખ્યું અવનિયે અઘ અપાર ।
હણ્યા દૈત્ય બોધ્યા બહુ જીવ, તે તે પાર કર્યા તતખેવ ॥૫૨॥
પેખી પાષંડી ભુવે અપાર, તમે લેશો કલકી અવતાર ।
આદ્ય અંતે મધ્યે અવતાર, સર્વે તમારા તે નિરધાર ॥૫૩॥
જેજે કર્યાં પૃથ્વી પર કાજ, તે તો સર્વે તમે મહારાજ ।
વળી થાશે થાય છે જે કાંય, તે તો સર્વે તમારી ઈચ્છાય ॥૫૪॥
માટે નમો નમો નાથ તમને, મોટે ભાગ્યે મળિયા છો અમને ।
એમ સ્તવન કર્યું જોડી હાથ, ત્યારે બોલ્યા શ્રીમુખે નાથ ॥૫૫॥
પૂર્વછાયો– જે જે જન તમે કહ્યું, તે સર્વે સાંભળ્યું કાન ।
એહ માંયલું અમે ન કર્યું, તમે કેમ જાણ્યા ભગવાન ॥૫૬॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે સર્વે મુનિજન મળીને સર્વ અવતારના અવતારી મહારાજને જાણીને સ્તુતિ કરી એ નામે એકસોને ત્રીજું પ્રકરણમ્ ॥૧૦૩॥